# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત.

150 YEARS OF CELEBRATING THE MAHATMA

બ્લોક-એ,ત્રીજે માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત. - ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ :- suratdeo@gmail.com

web :- www.suratdeo.org


જા.નં./મા-૩/નોશનલ ઈજાફા/૨૦૨૬/ 12162 તા.03-૦૯-૨૦૨૬.

પ્રતિ,

આચાર્યશ્રી,

બિન સરકારી અનુદાનિત પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ,

સુરત. જિ.સુરત.

**વિષય** :- ૩૦ જૂનના રોજ વયનિવૃત્તિ થયેલા કર્મચારીઓનાં કિસ્સામાં ૦૧ જુલાઈનાં નોશનલ ઈજાફો આકારાવાના પડતર કેસ તેમજ ૦૧ જુલાઈનો ઈજાફો આકારી પેન્શનનું આખરીકરણ કરવાના રીવાઈઝ પેન્શન કેસ રજૂ કરવા બાબત.

**સંદર્ભ** :- કમિશનર શાળાઓની કચેરીના પત્ર ક્રમાંક : ઘ/માધ્ય/પેન-૧/૨૦૨૬/૫૩૮૬-૫૪૨૪, તા.૦૩-૦૯-૨૦૨૬.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે આપની શાળામાં ૩૦ જૂનના રોજ વય નિવૃત્ત થયેલ કર્મચારીઓની ૦૧ જુલાઈનાં નોશનલ ઈજાફો આકારાવાના પડતર કેસ તેમજ ૦૧ જુલાઈનો ઈજાફો આકારી પેન્શનનું આખરીકરણ કરવાના રીવાઈઝ પેન્શન કેસ રજૂ કરવાનાં બાકી હોય, તો તેવા કેસોની દરખાસ્ત ફાઈલ તૈયાર કરી તા-૦૫/૦૯/૨૦૨૬નાં બપોરનાં ૩.૦૦ કલાક સુધીમાં રૂબરૂ મા-૩ શાખામાં રજૂ કરવા જણાવવામાં આવે છે. તેમજ આવા રજૂ કરેલ કેસો આજદિન સુધી ક્યા કારણોસર આપની કક્ષાએ પેન્ડીંગ રાખેલ હતા તેનો લેખિત ખુલાસો આધાર-પુરાવા સાથેનો રજૂ કરવા પણ જણાવવામાં આવે છે. જો નિયત સમયમર્યાદામાં દરખાસ્ત અત્રેની કચેરીને રજૂ કરવામાં નહિ આવે અને કોઈ કેસ શાળા કક્ષાએ પડતર રહેશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે-તે શાળાની રહેશે.જેની ખાસ નોંધ લેશો.

**બિડાણ** :- સંદર્ભદર્શિત પત્ર

(ડૉ.ભગીરથસિંહ એસ.પરમાર)
જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત.જિ.સુરત.

**૦૧ જુલાઈના ઈજાફા સંદર્ભે ખુબજ અગત્યનું**

ક્રમાંક: ઘ/માધ્ય/પેન-૧/૨૦૨૬/૫૩૮૬-૫૪૨૪
કમિશનર શાળાઓની કચેરી,
વિદ્યાસમિક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯,
પુનીતવનની સામે,
ગાંધીનગર, ગુજરાત,
તા. ૦૩/૦૯/૨૦૨૬.

**પ્રતિ,**
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, **તમામ.**

**વિષય :** ૩૦ જુનના રોજ વયનિવૃત થયેલા કર્મચારીઓના કિસ્સામાં ૦૧ જુલાઈના ઈજાફો આકારવા બાબત.

**સંદર્ભ :** (૧) નાણા વિભાગના તા.૧૮/૦૮/૨૦૨૬ના પત્ર ક્રમાંક: ઈજફ/૧૦૨૦૨૩/૪૧/ચ
(૨) અત્રેની કચેરીના તા.૧૯/૦૮/૨૦૨૬ના પત્ર ક્રમાંક: માધ્ય/પેન-૧/૨૦૨૬/૫૨૨૦-૫૨૬૦
(૩) શિક્ષણ વિભાગના તા.૦૨/૦૯/૨૦૨૬ના પત્ર ક્રમાંક:ED/MSM/e-file/3/2024/5218/V-2.

ઉપર્યુક્ત વિષય અન્વયે જણાવવાનું કે, નાણા વિભાગના સંદર્ભ-૧ના પત્ર અન્વયે અત્રેની કચેરીના સંદર્ભ-૨ના પત્રથી ૩૦ જુનના રોજ વયનિવૃત થયલા કર્મચારીઓના કિસ્સામાં ૦૧ જુલાઈના ઈજાફા આકારવા બાબતે નાણા વિભાગના સંદર્ભ-૦૧ના પત્રથી નિયત કરેલ પત્રક મુજબની વિગતો રજુ કરવા તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને જણાવેલ હતુ. જે અન્વયે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ દ્વારા વિગતો રજુ કરેલ છે. રજુ કરેલ વિગતોની ચકાસણી કરતા ૦૧ જુલાઈનો ઈજાફો આકારવાના કેસ તેમજ ૦૧ જુલાઈનો ઈજાફો આકારી પેન્શનનું આખરીકરણ કરવાના કેટલાક કેસો પડતર છે.

શિક્ષણ વિભાગના સંદર્ભ-૩ના પત્રથી આગામી સપ્તાહમાં પ્રસ્તુત બાબતે બેઠક યોજાનાર હોય, પડતર કેસોનો દિન-૦૭માં નિકાલ કરવા જણાવેલ છે.

જેથી આપના તાબા હેઠળની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા કર્મચારીઓના ૦૧ જુલાઈનો ઈજાફો આકારવાના તેમજ ૦૧ જુલાઈનો ઈજાફો આકારી પેન્શનનું આખરીકરણ કરવાના પડતર કેસ દિન-૦૭ માં નિકાલ કરવા જણાવવામાં આવે છે.

વધુમાં જો ૦૧ જુલાઈનો ઈજાફો આકરવાના તેમજ ૦૧ જુલાઈનો ઈજાફો આકારી પેન્શનનું આખરીકરણ કરવાના કોઈ કેસ પડતર રહેશે તો તેની સંપુર્ણ જવાબદારી જે તે જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની રહેશે.

**નાયબ શિક્ષણ નિયામક**
**માધ્યમિક**
**ગુ.રા., ગાંધીનગર**